
# 2 સમાજશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો (વિભાવના)

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, કોઈ પણ વિજ્ઞાનને સમજવું હોય તો તે તેના વિષયવસ્તુને સમજવા કઈ વિભાવનાઓ કે ખ્યાલોનો ઉપયોગ કરે છે તે તપાસવું પડે. પ્રત્યેક વિજ્ઞાનને પોતાના આગવા ખ્યાલો (વિભાવના), સિદ્ધાંતો-પરિપ્રેક્ષ્ય અને પરિભાષા હોય છે. ખ્યાલો કે વિભાવના એટલે દરેક વિજ્ઞાને પસંદ કરેલા વિશિષ્ટ અર્થ સૂચવતા શબ્દો જેના દ્વારા વિજ્ઞાન પોતાની અભ્યાસ સામગ્રીનું અર્થઘટન અને રજૂઆત કરે છે. ખ્યાલો ઘટનાને સૂચવતી તાર્કિક રચના છે. કોઈ પણ વિજ્ઞાનના ખ્યાલો ચોક્કસ, અર્થપૂર્ણ અને જ્ઞાનેન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ, ત્વચા) દ્વારા ચકાસી શકાય તેવા અને જે-તે ઘટનાને સમજાવી શકે તેવા હોય છે. ખ્યાલોની આવી સુસજ્જ ભાષાને વૈજ્ઞાનિક પરિભાષા કહે છે. સમાજશાસ્ત્ર પણ સામાજિક ઘટનાને જોવા, તપાસવા તેમજ તેનું અર્થઘટન કરવા માટે ચોક્કસ ખ્યાલોનો ઉપયોગ કરે છે. મિત્રો, આ એકમમાં આપણે સમાજશાસ્ત્રના કેટલાક મૂળભૂત ખ્યાલો જેવા કે સમાજ, સમુદાય, સમૂહ, સામાજિક દરજ્જો અને ભૂમિકા, સામાજિક ધોરણો અને સામાજિક નિયંત્રણની ચર્ચા કરીશું.

**સમાજ (Society)**

'સમાજ' શબ્દને આપણે રોજબરોજના જીવનવ્યવહારમાં ઉપયોગમાં લઈએ છીએ; પરંતુ સમાજશાસ્ત્રમાં આ શબ્દનો ચોક્કસ અર્થ છે. સમાજ એ એક વિસ્તૃત ખ્યાલ છે. મિત્રો, અહીં સૌપ્રથમ આપણે સ્પષ્ટતા કરી લેવી જરૂરી છે કે આપણને માનવસમાજનો જ પરિચય હોય છે. કેમકે આપણો રસ અને હિતો માનવસમાજ સાથે જ સંકળાયેલા હોય છે. આથી સમાજ એટલે જે માનવી પૂરતો સીમિત છે તેવી ગેરસમજ ઊભી થાય છે; પરંતુ પશુઓ, પક્ષીઓ, જીવજંતુઓ પણ સામૂહિક જીવન ધરાવે છે. જેમકે ઊધઈ, મધમાખી, કીડી, ચિમ્પાન્ઝી વગેરે જેમના સામૂહિક જીવનના આધારભૂત વૈજ્ઞાનિક અભ્યાસો થયેલા છે. આમ, માનવી સિવાય અન્ય માનવેતર સજીવો પણ સામૂહિક જીવન જીવે છે, તેમના પણ સમાજ હોય છે. માનવસમાજ અને માનવેતર સમાજ તેમના સહજીવનની સમાનતા ધરાવે છે તે દ્વારા તેઓ તેમની મૂળભૂત જરૂરિયાતો જેવી કે વસ્તીની જાળવણી, ભરણ-પોષણ, સંરક્ષણ, નવા સભ્યોની ભરતી, કાર્યવિભાજન અને સમૂહ એકતા દ્વારા વ્યવસ્થાનું સાતત્ય જાળવે છે. ચિમ્પાઝીમાંથી માનવની ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ એ ચિત્ર દ્વારા આપ જોઈ શકશો.



માનવ ઉત્ક્રાંતિ

**સમાજનો અર્થ અને વ્યાખ્યા**

રોજિંદા વ્યવહારમાં સમાજ કે સોસાયટી (Society) શબ્દ સામાન્ય અર્થમાં પ્રયોજાય છે. જેમ કે અમારા સમાજના રિવાજો કે નિયમો, તે જ રીતે મહિલા સમાજ, હાઉસિંગ સોસાયટી, કોમ કે જ્ઞાતિ માટે પણ સમાજ શબ્દ વપરાય છે; પરંતુ સમાજશાસ્ત્ર એક વિજ્ઞાન હોવાથી સમાજના ખ્યાલના ચોક્કસ અને સ્પષ્ટ અર્થ હોય છે.

સમાજશાસ્ત્રીય શબ્દકોશમાં સમાજને નિશ્ચિત ભૌગોલિક વિસ્તાર અને આત્મનિર્ભરતા ધરાવતા માનવજૂથ તરીકે વર્ણવવામાં આવેલ છે.

મેકાઈવર અને પેજ નામના સમાજશાસ્ત્રી ''સમાજને પ્રસ્થાપિત સામાજિક સંબંધોની હમેશાં પરિવર્તન પામતી વ્યવસ્થા તરીકે પરિભાષિત કરે છે.''

આમ, માનવસમાજ પ્રાદેશિક જૂથ કે માનવીઓનું એકત્રીકરણ નથી; પરંતુ સામાજિક સંબંધોની જટિલ અને પરિવર્તન પામતી વ્યવસ્થા છે. સમાજ એ સાર્વત્રિક અને સર્વવ્યાપી છે. જે તેની સંસ્કૃતિની વિશિષ્ટતાને કારણે માનવેતર સમાજથી જુદો પડે છે.

**સમાજનાં લક્ષણો**

**(1) સામાજિક સંબંધો :** માનવીમાનવી વચ્ચે પરસ્પરની હાજરીમાં સભાનતાપૂર્વકના સામાજિક સંબંધો છે. જે વ્યક્તિ-વ્યક્તિ, વ્યક્તિ-જૂથ કે જૂથ-જૂથ વચ્ચે સહકાર, સ્પર્ધા કે સંઘર્ષ સ્વરૂપનાં સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય કે અન્ય પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપના સંબંધો છે. વ્યક્તિઓ વચ્ચેની સભાનતાપૂર્વકની આંતરક્રિયાથી સામાજિક સંબંધો સ્થપાય છે અને વિકસે છે.

**(2) સમાનતા અને વિભિન્નતા :** સમાજના સભ્યોમાં માનવી તરીકેનું મૂળભૂત સામ્ય જોવા મળે છે. તેની સાથે સમાજમાં સ્ત્રી-પુરુષની જાતીય વિભિન્નતા રહેલી છે. શાળાના વર્ગમાં વિદ્યાર્થીઓ માનવી તરીકે એકસરખાપણું ધરાવે છે. જોકે તેઓમાં લિંગ, વય, શારીરિક-બૌદ્ધિક શક્તિઓ, રસ, હિતો, વલણો, ધ્યેયોમાં વિભિન્નતા જોવા મળે છે. સમાજનો ઉદ્ભવ અને સંચાલન સામ્ય અને વિભિન્નતાને કારણે શક્ય બને છે. સમાજ માટે બંને અનિવાર્ય અને એકબીજાના પૂરક છે.

**(3) જુદાં જુદાં જૂથો અને પેટા જૂથો :** માનવસમાજ કૌટુંબિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય જૂથો અને જૂથવિભાગોમાં વહેંચાયેલો છે, જે સમાજનું મહત્ત્વનું લક્ષણ છે. સમાજજીવનની વિવિધ જરૂરિયાતો સંતોષવા માનવીઓ વચ્ચે કાર્યવિભાજન થાય છે. તેમાંથી સત્તા અને દરજ્જાના આધાર પર સામાજિક કોટિક્રમ વિકસે છે. જે સામાજિક અસમાનતા સૂચિત કરે છે.

**(4) સામાજિક નિયંત્રણ :** જુદી જુદી સામાજિક પરિસ્થિતિમાં વ્યક્તિ કઈ રીતે વર્તી શકે અને કઈ રીતે ન વર્તી શકે તે દર્શાવતી ધોરણાત્મક વ્યવસ્થા કે ઢબ દરેક સમાજમાં હોય છે તેને સામાજિક નિયંત્રણ કહે છે. તે સમાજના અસ્તિત્વ અને સાતત્ય માટે જરૂરી છે. લોકનીતિ, રિવાજો, ફૅશન, કાયદા, શિષ્ટાચાર વગેરે સમાજમાં માનવીનું ઘડતર અને નિયંત્રણ કરે છે.

**(5) સાતત્ય :** સામાજિક નિયંત્રણની પદ્ધતિ સમાજના સાતત્યને ટકાવી રાખે છે. લગ્ન અને કુટુંબ સંસ્થાઓ સમાજના સાતત્યમાં મદદરૂપ થાય છે. સમાજીકરણની પ્રક્રિયા દ્વારા કુટુંબ પેઢી દર પેઢી સામાજિક-સાંસ્કૃતિક વારસાનું આંતરીકરણ કરી સમાજનું સાતત્ય ટકાવી રાખે છે.

**(6) પરિવર્તન :** સમાજના સાતત્યની સાથે તેમાં પરિવર્તન આવે છે. જોકે સમય-સમય અને સમાજે-સમાજે પરિવર્તનની ગતિમાં તફાવત હોય પરંતુ પરિવર્તન સમાજનું અવિભાજ્ય લક્ષણ છે.

માનવસમાજને વિસ્તૃત પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં જોઈએ તો તેમાં અનેક જૂથો, સમૂહો, મંડળો જોવા મળે છે. ભારતીય સમાજમાં વિવિધ સમૂહો, સમુદાય, જ્ઞાતિ, મંડળ અને આર્થિક વર્ગો જોવા મળે છે. સમાજની વિભાવના કોઈ ચોક્કસ જૂથ કે સમુદાયનો નિર્દેશ કરતી નથી તે અમૂર્ત ખ્યાલ છે. જ્યારે સમુદાય, સમૂહ કે જૂથો સમાજના જુદા જુદા ઘટકો છે.

**સમુદાય (Community)**

ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ તો માનવીએ જ્યારે પૃથ્વી પર જીવનની શરૂઆત કરી ત્યારે તે શિકાર આધારિત ભટકતું જીવન જીવતો હતો. ધીમે-ધીમે ચોક્કસ સ્થળ પસંદ કરીને તેણે સ્થાયી નિવાસવાળું જીવન જીવવાનું શરૂ કર્યું. ત્યારથી તે સ્થળ કે પ્રદેશ આધારિત સમાજજીવન સમુદાયમાં બદલાયું. કોઈ પણ સમાજમાં આવા અનેક સમુદાય હોય છે જેવા કે ગ્રામસમુદાય-નગરસમુદાય. નગરસમુદાયમાં આવેલા ભાષા, જ્ઞાતિ, વ્યવસાય કે ધર્મના આધારે વસતાં જૂથો જે ચોક્કસ વિસ્તારમાં હોય છે.

મેકાઈવર અને પેજ નામના સમાજશાસ્ત્રીના મતે ''નાના કે મોટા સમૂહના સભ્યો જ્યારે એક જ સ્થળે રહેતા હોય અને જીવનના મોટા ભાગનાં હિતો સંતોષવાનો પ્રયત્ન કરે ત્યારે તેવા સ્થાનિક સમૂહને સમુદાય કહે છે.'' એ રીતે સમુદાય સમાજના જુદા જુદા સમૂહમાંનો એક સમૂહ છે.

સમાજશાસ્ત્રીય રીતે સમુદાયના ખ્યાલને સ્પષ્ટ કરવા તેનાં લક્ષણો તપાસીએ તો (1) વસ્તી (2) ભૌગોલિક પ્રદેશ (3) સમુદાયના સભ્યો વચ્ચે પરસ્પરાવલંબન (4) સામૂહિક જીવનમાં વિકસેલાં સમાન ધોરણો-મૂલ્યો આધારિત પ્રવૃત્તિનું સંકલન (5) સામુદાયિક ભાવના.

આધુનિક સમયમાં ભૌગોલિક ગતિશીલતા, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં સાધનો તેમજ ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને વૈશ્વિકીકરણની પ્રક્રિયા તેમજ આધુનિક ટેક્નોલૉજીના વિકાસને કારણે સમુદાયના સભ્યોનો સંબંધ સમુદાય પૂરતો મર્યાદિત ન રહેતા વૈશ્વિક સ્તરે ગતિશીલ બન્યો છે. જોકે સમુદાયની વ્યક્તિઓ વ્યાપક સમાજનો ભાગ બને છે. તે રીતે વ્યાપક સમાજ સાથેનું જોડાણ વધે છે. કિંગ્સ્લે ડેવિસ સમુદાયના મુખ્ય બે માપદંડ દર્શાવે છે : (1) પ્રાદેશિક નિકટતા : એકબીજાની નજીક રહેવાને કારણે લોકો નિકટતા અનુભવે છે. (2) સામાજિક સંપૂર્ણતા : વ્યક્તિઓનું મોટા ભાગનું જીવન સમુદાયની મર્યાદામાં જ જિવાય છે.

**સામાજિક સમૂહો (Social Groups)**

માનવસમાજના ઉદ્ભવથી શરૂ કરી વર્તમાન સમયમાં જોઈએ તો માનવીઓ હમેશાં સમૂહમાં જીવન જીવે છે. માનવી પ્રાથમિક અવસ્થામાં શિકારની પ્રવૃત્તિ સમૂહમાં કરતો. સામાન્ય રીતે માનવી એકલો કે એકાંતમાં રહેતો નથી. તે સમૂહમાં જ જીવે છે અને વિકસે છે. કુટુંબ, મિત્રજૂથ, પડોશજૂથ, રાજકીય, ધાર્મિક કે સામાજિક સમૂહોમાં વ્યક્તિ પોતાની જુદી જુદી જરૂરિયાતોની પરિપૂર્તિ માટે સામૂહિક ભાગીદારી કરે છે. રોજિંદી પ્રવૃત્તિઓનો સંતોષ સમૂહમાં મેળવવો એ માનવસમાજની ખાસિયત છે. જેમકે શિક્ષણની જરૂરિયાતની પૂર્તિ માટે વ્યક્તિઓ સાથે વર્ગખંડમાં શિક્ષણ લે, એક જ બસના સહપ્રવાસી સાથે મુસાફરી કરે. એમ વિવિધ પ્રકારે વ્યક્તિ જે-તે સમૂહના સભ્ય બની પોતાની રોજિંદી પ્રવૃત્તિઓ કરે છે.

ટૂંકમાં સમાન પ્રકારના હોવાની સભાનતા અને સામૂહિક ધ્યેય કે ઉદ્દેશની પૂર્તિ માટે એકબીજા સાથે આંતરક્રિયામાં આવનાર વ્યક્તિઓને સમૂહ કહે છે. જેમકે મિત્રસમૂહ, સગપણસમૂહ, વર્ગ, જ્ઞાતિ, મંડળ, ધર્મસ્થાનમાં ભેગા મળીને ઉપાસના કરતા લોકો વગેરે. સમાજશાસ્ત્રીય રીતે સામાજિક સમૂહનાં લક્ષણો જોઈએ તો –

(1) બે કે તેથી વધુ વ્યક્તિઓ : મિત્રજૂથ, રમતજૂથ

(2) સમાન હોવાની સભાનતા : એક જ જ્ઞાતિ, ધર્મ કે કોમના સભ્યો

(3) સામૂહિક પ્રકારનો ઉદ્દેશ કે હેતુ : પ્રેક્ષક સમૂહ

(4) સામાજિક આંતરક્રિયા : સ્વચ્છતા અભિયાન અંતર્ગત કામ કરતા લોકો.

માનવસમાજ અનેક સમૂહોનો બનેલો છે. માનવીના સમાજજીવનનું ઘડતર અને સહજીવનનું ક્ષેત્ર સમૂહો નક્કી કરે છે એ સંદર્ભમાં સમાજમાં નીચે મુજબના કેટલાક સમૂહો જોવા મળે છે :

**મંડળ (Association) :** મંડળ એ એક સામાજિક સમૂહ છે કે જેમાં લોકો સભાનતાપૂર્વક સામૂહિક હિતની પૂર્તિ કરવા માટે કોઈ એક ચોક્કસ સંગઠિત રીત પ્રમાણે એકબીજા સાથે આંતરક્રિયા કરે છે. જે-તે સમૂહના મંડળનાં ધોરણો પ્રમાણે જુદી જુદી હોય છે. મંડળમાં વ્યક્તિઓના દરજ્જા અને ભૂમિકા નક્કી કરવામાં આવે છે અને તે મુજબ સભ્યોની વચ્ચે આંતરક્રિયા થતી હોય છે. કામદાર મંડળો, યુવક મંડળ, મહિલા મંડળ, વેપારી મંડળ, શિક્ષક મંડળ વગેરે તેનાં દૃષ્ટાંત છે.

**વર્ગ (Class) :** સમાજમાં આર્થિક પરિસ્થિતિને આધારે લોકો જુદા જુદા વિભાગોમાં વહેંચાયેલા હોય છે. જેમકે ઉચ્ચ (શ્રીમંત) વર્ગ, મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ. જેઓનો તેમના આર્થિક વર્ગ આધારિત સમાન સામાજિક દરજ્જો હોય છે.

માનવી જ્યારે પ્રાથમિક અવસ્થામાં હતો ત્યારે આર્થિક સાધનોની માલિકીના આધારે વર્ગો ન હતા. સમાજમાં જટિલતા વધતા સામંતો–ગુલામો, વ્યાવસાયિક જૂથો (Guild) અને ઔદ્યોગિક સમાજમાં મૂડીપતિ–શ્રમજીવીના વર્ગો ઉદ્ભવ્યા. સમાજની રચના અને કાર્યમાં પરિવર્તન આવતું જાય છે, તેમ વર્ગોના સ્વરૂપમાં પરિવર્તન આવતું જાય છે. સામાજિક વર્ગોના સંદર્ભમાં કાર્લ માર્ક્સનો વર્ગનો સિદ્ધાંત જાણીતો છે. મેક્સ વેબર સામાજિક વર્ગને દરજ્જા સમૂહ કહે છે.

**જ્ઞાતિ (Caste) :** વૈશ્વિક કક્ષાએ જ્ઞાતિસમૂહો માત્ર ભારતમાં અને ખાસ કરીને હિંદુ ધર્મમાં જોવા મળે છે. રિઝલેના મત પ્રમાણે ભારતમાં આજે ત્રણ હજારથી વધુ મુખ્ય જ્ઞાતિઓ છે. એમ. એન. શ્રીનિવાસના મત પ્રમાણે ભારતમાં જ્ઞાતિઓ હિંદુ સમાજની વર્ણવ્યવસ્થામાંથી ઊતરી આવી છે. હિંદુઓમાં પ્રત્યેક વ્યક્તિને જન્મતાંની સાથે જ જ્ઞાતિનું સભ્યપદ

આપોઆપ મળે છે. પ્રત્યેક જ્ઞાતિના સામાજિક વ્યવહારો, લગ્ન, સગાઈસંબંધો, ખાનપાનની રીતો વિશિષ્ટ હોય છે. દરેક જ્ઞાતિસમૂહને પોતાના આગવા વ્યવસાયો હતા. આજે પણ કેટલીક જ્ઞાતિઓ પોતાના પરંપરાગત વ્યવસાયો કરે છે. જ્ઞાતિ આધારિત કોટિક્રમ જોવા મળે છે. ઉચ્ચ જ્ઞાતિ, મધ્યમ જ્ઞાતિ અને નિમ્ન જ્ઞાતિ. હિંદુ ધર્મ જ્યાં પ્રચલિત છે, તેવા દેશોમાં પણ જ્ઞાતિસમૂહો જોવા મળે છે. જોકે વર્તમાન સમયમાં જ્ઞાતિનું પરંપરાગત સ્વરૂપ ઘણું બદલાયું છે.

### સામાજિક દરજ્જો અને ભૂમિકા (Social Status and Role)

વર્તમાન જટિલ સમાજમાં લોકો વચ્ચે થતી મોટા ભાગની આંતરક્રિયાઓ વ્યક્તિના દરજ્જાને ધ્યાનમાં રાખીને થતી હોય છે. શાળા કે કૉલેજમાં પ્રવેશ મેળવનાર વ્યક્તિ, વિદ્યાર્થી, શિક્ષક કે અધ્યાપક તરીકે આંતરક્રિયા કરે છે જે વ્યક્તિના દરજ્જા અને ભૂમિકાના સંદર્ભમાં થાય છે.

### સામાજિક દરજ્જાનો અર્થ અને વ્યાખ્યા

'સામાજિક દરજ્જો એટલે એક ચોક્કસ સમયે કોઈ એક નિશ્ચિત વ્યવસ્થામાં વ્યક્તિનું સામાજિક સ્થાન.'

સામાજિક દરજ્જો વ્યક્તિને અન્ય વ્યક્તિઓ સાથેના સંબંધમાં કેવી રીતે વર્તવું તે દર્શાવે છે. સમાજમાં કોઈ પણ પ્રકારના સમૂહો, મંડળો, વર્ગ કે જ્ઞાતિમાં વ્યક્તિ કોઈ ને કોઈ પ્રકારનો દરજ્જો ધરાવે છે. આ દરજ્જાને આનુષંગિક (અનુરૂપ) વ્યક્તિએ ભૂમિકા ભજવવી જોઈએ તેવી અપેક્ષા જે-તે સમૂહના સભ્યો તેની પાસે રાખે છે. આ અર્થમાં દરજ્જો વ્યક્તિની સ્થિત્યાત્મક પરિસ્થિતિનો ઉલ્લેખ કરે છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિ જે વર્તન કરે છે તે તેની ભૂમિકા છે.

વ્યક્તિ ઉપરાંત સમૂહોને ચોક્કસ સામાજિક સ્થાન કે દરજ્જા હોય છે. પ્રત્યેક દરજ્જા સાથેનાં કાર્યો, અધિકારો અને ફરજો સમૂહનાં ધોરણો દ્વારા નક્કી થતા હોય છે. સામાજિક ભૂમિકા દરજ્જાનું વર્તનલક્ષી પાસું છે. દા.ત., ડૉક્ટરનો દરજ્જો ધરાવતી વ્યક્તિ દર્દીના રોગનું નિદાન કરી જરૂરી માર્ગદર્શન અને સારવાર આપે છે, ત્યારે તે તેની ભૂમિકા ભજવે છે એમ કહેવાય. એ રીતે દરજ્જો અને ભૂમિકા હમેશાં એકબીજા સાથે સંકળાયેલા હોય છે.

પ્રત્યેક દરજ્જાની સાથે ઓછે-વત્તે અંશે સત્તા સંકળાયેલી હોય છે. જેમકે શાળાના આચાર્યનો દરજ્જો મેળવનાર વ્યક્તિ પાસે અનેક સત્તાઓ અને તેનો અમલ કરવાની રીતો હોય છે. જ્યારે શાળાના ચોકીદાર કે પટાવાળા પાસે વિશેષ સત્તાઓ હોતી નથી.

પ્રાપ્ત કરવાની રીતોના આધારે સામાજિક દરજ્જાના બે પ્રકાર છે :

**સામાજિક દરજ્જો**

અર્પિત દરજ્જો
(જ્ઞાતિ કે ધર્મનું સભ્યપદ, પુરુષ કે સ્ત્રી)

પ્રાપ્ત દરજ્જો
(શિક્ષક, મૅનેજર, મંડળના પ્રમુખ, સરપંચ)

**(1) અર્પિત દરજ્જો :** સમાજમાં વ્યક્તિને જન્મથી મળતા દરજ્જાને અર્પિત દરજ્જો કહેવાય છે. આવા દરજ્જાઓની પ્રાપ્તિ વ્યક્તિની પસંદગી કે ઇચ્છાઓ પર આધારિત નથી. જેમકે જન્મથી મળતો સ્ત્રી કે પુરુષનો દરજ્જો, વ્યક્તિ જે દેશ, કુટુંબ, જ્ઞાતિ કે ધર્મમાં જન્મે છે, તેનો દરજ્જો જન્મતાંથી સાથે જ આપોઆપ મળી જાય છે. કેટલાક સમૂહોમાં સમૂહના વડાનો કે ભૂતકાળના ગ્રામીણ સમાજમાં મુખીનો દરજ્જો વંશપરંપરાગત રીતે આપોઆપ મળતો. આમ, જન્મ કે વંશપરંપરાગત રીતે જે દરજ્જાઓ સમાજ દ્વારા આપવામાં આવે છે તેને અર્પિત દરજ્જો કહે છે.

**(2) પ્રાપ્ત દરજ્જો :** વ્યક્તિની પસંદગી, ઇચ્છા, આવડત, શિક્ષણ અને તાલીમ દ્વારા સમાજમાં જે સ્થાન મળે છે તેને પ્રાપ્ત દરજ્જો કહે છે. પ્રાપ્ત દરજ્જો મેળવવા વ્યક્તિએ પ્રયત્નો કરવા પડે છે. જેમકે આવડત, શિક્ષણ, તાલીમ દ્વારા કોઈ પણ વ્યક્તિ શિક્ષક, અધ્યાપક, ડૉક્ટર, મૅનેજર, વકીલ વગેરેનો દરજ્જો મેળવી શકે છે. પ્રાપ્ત દરજ્જામાં સ્પર્ધાની પ્રક્રિયા દ્વારા વ્યક્તિ વધુ ગતિશીલ બને છે. જેમકે ભારતની લોકસભાના પ્રથમ મહિલા સ્પીકર મીરાંકુમાર જે સમાજના એવા સમૂહમાંથી આવ્યા હતા જે સમાન તકોથી વંચિત હોવા છતાં તેઓ પોતાના ઉચ્ચ શિક્ષણ અને તાલીમ દ્વારા સ્પીકરનો દરજ્જો મેળવી શક્યા. મોટા ભાગના સમાજોમાં અર્પિત અને પ્રાપ્ત એમ બંને પ્રકારના દરજ્જા જોવા મળે છે.

**સામાજિક ધોરણો (Social Norms)**

માનવસમાજમાં બે વ્યક્તિઓના સામાજિક સમૂહથી શરૂ કરી વિશાળ સમાજના વર્તન-વ્યવહાર માટે વર્તનને માર્ગદર્શન આપતાં સામાજિક ધોરણો અવશ્ય હોય છે. સામાજિક ધોરણોને કારણે જ સમગ્ર સમાજવ્યવસ્થાનું નિયંત્રણ અને રચના જળવાતી હોય છે.

**સામાજિક ધોરણનો અર્થ**

'સામાજિક ધોરણો એટલે સમાજજીવનની જુદી જુદી પરિસ્થિતિઓમાં વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતા વર્તનની યોગ્યતા કે અયોગ્યતા નક્કી કરતા સામાજિક નિયમો.'

સામાન્ય રીતે વૈશ્વિક મૂલ્યોમાંથી ધોરણો નિષ્પન્ન થતા હોય છે જેમકે માનવતાવાદ એક મૂલ્ય છે, જ્યારે રંગ, જાતિ કે લિંગના આધારે માનવીઓ વચ્ચે અધિકારોનો ભેદભાવ રાખવાના વર્તનનો વિરોધ કરતો કાયદો એ ધોરણ છે. બધાં જ સામાજિક ધોરણો સમાજનું પીઠબળ ધરાવે છે.

સામાન્ય રીતે તમામ પ્રકારનાં ધોરણોની મર્યાદામાં રહીને સમાજના સભ્યોએ પોતાનાં ધ્યેય કે જરૂરિયાતો પ્રાપ્ત કરવાની હોય છે. ધોરણોના પાલન બદલ વ્યક્તિને યોગ્ય બદલો, માન, પ્રતિષ્ઠા મળે છે જ્યારે ધોરણોના ભંગ બદલ શિક્ષા, દંડ, માનહાનિ થાય છે. સમાજ દ્વારા સર્જાયેલ તમામ પ્રકારનાં ધોરણો વ્યક્તિનું સામાજિક નિયંત્રણ કરે છે. સમાજના સભ્યો ધોરણોનું યોગ્ય રીતે પાલન કરે તો તે સમાજવ્યવસ્થા પોતાનાં ધ્યેયો પ્રાપ્ત કરી પ્રગતિ અને વિકાસ કરી શકે છે. જો સમાજમાં ધોરણભંગ કરનાર વ્યક્તિનું પ્રમાણ વધે તો સમાજમાં અવ્યવસ્થા અને અંધાધૂંધી સર્જાય છે. સમાજનાં બધાં જ ધોરણો કે નિયમો સમાજની બધી વ્યક્તિઓ કે જૂથોને સર્વસ્વીકૃત હોય એ જરૂરી નથી. કેટલાંક ધોરણો અમુક વ્યક્તિ કે જૂથને માટે ફાયદાકારક હોય તો એ જ ધોરણો અન્ય જૂથ કે વ્યક્તિ માટે નુકસાનકારક હોઈ શકે. ઉપર્યુક્ત ચર્ચા બાદ સામાજિક ધોરણોનાં લક્ષણો જોઈએ.

**સામાજિક ધોરણોનાં લક્ષણો**

**(1) સામાજિક ધોરણોના ઉદ્‌ભવની રીત :** સમાજમાં લોકરીતિઓ, રિવાજો, પરંપરા એવાં ધોરણો છે કે જેના ઉદ્‌ભવ માટે સમાજ કોઈ ખાસ પ્રકારનાં સભાન આયોજન કરતું નથી. સ્વાભાવિક ક્રમમાં ચાલતા વર્તન-વ્યવહારમાંથી આ ધોરણો ઉદ્‌ભવે છે. જ્યારે કોઈ વિશાળ વહીવટી એકમ, બૅન્ક, શૈક્ષણિક સંસ્થાના નિયમો કે રાજ્યના કાયદા એવાં ધોરણો છે કે જેમનો ઉદ્‌ભવ વૈચારિક આયોજન દ્વારા થતો હોય છે. જેમકે દેશમાં જુદા જુદા કાયદાનું ઘડતર દેશના બંધારણને ધ્યાનમાં રાખી જે-તે રાજ્યની વિધાનસભા કે લોકસભા જેવી સરકારી ધારાકીય સંસ્થાઓ દ્વારા વિચારપૂર્વક અને આયોજનપૂર્વક કરવામાં આવે છે. દા.ત., સ્ત્રીભ્રૂણ હત્યા, દહેજ વગેરેનો કાયદો.

**(2) સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા શિખાય છે :** સામાજિક ધોરણો માનવીને જૈવિક રીતે વારસામાં આપોઆપ મળતા નથી; પરંતુ વ્યક્તિ જે કુટુંબમાં જન્મે છે અને ઉછરે છે તેમાંથી અને તેની આસપાસના અન્ય વ્યક્તિઓ, મિત્રો, સામાજિક વાતાવરણ દ્વારા થતા સમાજિકીકરણમાંથી સામાજિક ધોરણોની માહિતી અને શિક્ષણ મેળવે છે અને તે દ્વારા શીખે છે. કુટુંબ, મિત્રો, પડોશજૂથ, શાળા, સંચારનાં માધ્યમો વ્યક્તિને ધોરણોની માહિતી અને તેનું પાલન કઈ રીતે કરવું તે શીખવે છે. બાળપણનાં રમતજૂથો દ્વારા રમત દરમિયાન રમતોના નિયમોના પાલન દ્વારા ધોરણો આત્મસાત્ થાય છે.

**(3) સાંસ્કૃતિક મૂલ્યો સાથે સંબંધ :** જુદા જુદા સમાજનાં સાંસ્કૃતિક મૂલ્યો અને એક જ સમાજના જુદા જુદા સમયનાં સાંસ્કૃતિક મૂલ્યોમાં વિવિધતા હોય છે. જેમકે હિંદુ સમાજમાં સ્ત્રી-પુરુષના સંબંધો પર મર્યાદા મૂકતાં ધોરણો છે, જ્યારે આદિવાસીઓમાં તે અંગેના રિવાજો છૂટછાટભર્યા સ્વરૂપના ધોરણો છે. અગાઉના સમયમાં પુત્ર-પુત્રીનાં લગ્ન નક્કી કરવાનો અધિકાર માત્ર માતા-પિતાને હતો, જ્યારે વર્તમાનમાં વડીલો કે માતા-પિતા સંતાનોનાં લગ્નની બાબતમાં તેમની ઇચ્છા અને પસંદગીને મહત્ત્વ આપે છે.

**(4) સાર્વત્રિકતા અને વૈવિધ્ય :** માનવી માનવી વચ્ચેના સામાજિક સંબંધોને શક્ય બનાવવા દરેક સમયના સમાજમાં સામાજિક ધોરણો સાર્વત્રિકપણે જોવા મળે છે. તેની સાથે તેમાં વૈવિધ્ય પણ હોય છે. જેમકે રિવાજો, લોકનીતિ, ફેશન, શિષ્ટાચાર, રાજ્યના કાયદા વગેરે વિવિધલક્ષી ધોરણો.

**(5) વર્તનનું મૂલ્યાંકન અને સજાપદ્ધતિનું સ્વરૂપ :** સામાજિક ધોરણો દ્વારા વ્યક્તિના વર્તનનું યોગ્ય કે અયોગ્યની રીતે મૂલ્યાંકન થાય છે. પ્રત્યેક ધોરણ સાથે તેના ભંગ બદલની વિશિષ્ટ સજાપદ્ધતિ હોય છે. લોકરીતી જેવાં ધોરણોના ભંગ માટે હળવી કે અનૌપચારિક સજાપદ્ધતિ, જ્યારે કાયદા જેવાં ધોરણોના ભંગ માટે અદાલત દ્વારા ઔપચારિક (દંડ, જેલ, ફાંસી વગેરે) સ્વરૂપની સજા થાય છે.

સમાજની ધોરણાત્મક વ્યવસ્થાને લીધે તેના સભ્યો વચ્ચે સંપર્ક-વ્યવહાર અને સમાજમાં સ્થિરતા અને વ્યવસ્થા જોવા મળે છે.

**સામાજિક નિયંત્રણ (Social Control)**

બધા જ માનવસમાજો ઓછે-વત્તે અંશે ગતિશીલ અને પરિવર્તનશીલ છે. સમાજના જુદા જુદા ભાગોમાં પરિવર્તન આવવા છતાં સમાજનું મૂળભૂત સ્વરૂપ લાંબા સમય સુધી ટકી રહે છે. સમાજજીવનની જરૂરિયાતો અને સામાજિક સંબંધોની વ્યવસ્થા ત્યારે જ શક્ય બને જ્યારે સમાજના સભ્યો સમાજ-સ્વીકૃત ધોરણો પ્રમાણે વર્તનવ્યવહાર કરે અને તે માટે સમાજમાં સામાજિક નિયંત્રણની પદ્ધતિઓ હોય છે. મેકાઈવર અને પેજ જણાવે છે કે, 'સમગ્ર સમાજવ્યવસ્થાને સંગઠિત રાખતી અને ટકાવી રાખતી રીત એટલે સામાજિક નિયંત્રણ.' સામાજિક નિયંત્રણ ટીકા-મશ્કરી સ્વરૂપથી દેહાંત દંડ સુધી જોવા મળે છે.

'સમાજમાં સામાજિક ધોરણોથી વિરુદ્ધનાં વર્તનને અટકાવતી રીતો કે સાધનો સામાજિક નિયંત્રણ દર્શાવે છે.' તેનાં લક્ષણો જોઈએ.

**સામાજિક નિયંત્રણનાં લક્ષણો**

**(1) સાર્વત્રિકતા :** માનવસમાજમાં સાર્વત્રિકપણે સામાજિક નિયંત્રણ જોવા મળે છે. જોકે નિયંત્રણનાં સાધનો અને પદ્ધતિઓ સમાજે-સમાજે અને સમયે-સમયે જુદા હોય છે; પરંતુ સામાજિક નિયંત્રણ વગરનો સમાજ શક્ય નથી.

**(2) સામાજિક નિયંત્રણ એક પ્રક્રિયા તરીકે :** સામાજિક નિયંત્રણ સામાજિક આંતરક્રિયાનું પરિણામ છે. સામાજિકીકરણની પ્રક્રિયા દરમિયાન સમાજનાં ધોરણો વ્યક્તિને શીખવી તેનું અંતરીકરણ કરવામાં આવે છે. એ રીતે સામાજિક નિયંત્રણ સામાજિક ધોરણો અનુસાર વ્યક્તિના વર્તનને ઘડતી પ્રક્રિયા છે.

**(3) વિવિધતા :** પ્રત્યેક સમાજમાં પણ નિયંત્રણની પદ્ધતિઓ જુદી જુદી હોય છે.

**નિયંત્રણની પદ્ધતિઓ**

વિશાળ સમુદાય → મહદ્‌અંશે ઔપચારિક નિયંત્રણ (કાયદા, વ્યાવસાયિક જૂથો, પોલીસ, ન્યાયતંત્ર)

નાના સમુદાય → મહદ્‌અંશે અનૌપચારિક નિયંત્રણ (રમતજૂથો, કુટુંબ, જ્ઞાતિ ટીકા, મશ્કરી સ્વરૂપે)

લોકશાહી સમાજો અને આપખુદશાહી સમાજોમાં સામાજિક નિયંત્રણની પદ્ધતિ જુદી હોય છે.

એક સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રને પોતાના મૂળભૂત ખ્યાલો છે. આ પ્રકરણમાં આપણે કેટલાક મૂળભૂત ખ્યાલો કે વિભાવનાઓનો પરિચય મેળવ્યો. સમાજ, સમુદાય, સામાજિક દરજ્જો અને ભૂમિકા, ધોરણો અને સામાજિક નિયંત્રણ જેવા ખ્યાલો અને તેઓની લાક્ષણિકતાઓ વિશે આપણે જાણ્યું. આ ખ્યાલોને તમે વિગતે સમજશો તો સમાજશાસ્ત્ર વિષયનું મહત્ત્વ અને ઉપયોગ તમને અવશ્ય સમજાશે. આ ઉપરાંત સમાજ-વ્યવસ્થા અને સમાજના રચનાતંત્રને હવે પછીના એકમમાં સમજવાનો પ્રયત્ન કરીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો :**

(1) સમાજનો અર્થ આપી તેનાં લક્ષણો જણાવો.

(2) સામાજિક દરજ્જાની વિભાવના આપી સામાજિક દરજ્જાના પ્રકારો સ્પષ્ટ કરો.

(3) સામાજિક ધોરણોનો ખ્યાલ સમજાવી તેની લાક્ષણિકતાઓ વર્ણવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) માનવસમાજ અને માનવેતર સમાજ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

(2) સમુદાયના ખ્યાલને સમજાવો.

(3) ભારતની જ્ઞાતિ-વ્યવસ્થા અંગે નોંધ લખો.

(4) સામાજિક નિયંત્રણની વ્યાખ્યા અને લક્ષણો સમજાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) ખ્યાલ કે વિભાવના એટલે શું ?

(2) સમાજશાસ્ત્રીય સંદર્ભમાં સામાજિક સમૂહનાં લક્ષણો જણાવો.

(3) મંડળની વિભાવના સ્પષ્ટ કરો.

(4) સામાજિક દરજ્જો અને ભૂમિકાનો ખ્યાલ સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) નીચેની વિભાવનાઓ સમજાવો :

(અ) સમાજ (બ) સમૂહ (ક) સામાજિક ધોરણો (ડ) સામાજિક વર્ગ

(2) સામાજિક નિયંત્રણની પદ્ધતિઓ જણાવો.

(3) સ્વાભાવિક ક્રમમાં ચાલતા વર્તનવ્યવહારમાંથી કયાં ધોરણો ઉદ્ભવે છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) સમાજશાસ્ત્ર કેવું વિજ્ઞાન છે ?

(અ) ભૌતિક (બ) સામાજિક (ક) ઐતિહાસિક (ડ) સાંસ્કૃતિક

(2) ખ્યાલ (વિભાવના) જે-તે ઘટનાને સૂચવતી કેવી રચના છે ?

(અ) તાર્કિક (બ) નિયંત્રિત (ક) અતાર્કિક (ડ) અસ્પષ્ટ

(3) માનવસમાજ અને માનવેતર સમાજ કઈ બાબતમાં સમાનતા ધરાવે છે ?

(અ) સાંસ્કૃતિક (બ) સામાજિક ધોરણો

(ક) સહજીવન (ડ) ત્રણમાંથી એક પણ નહિ.

(4) સમુદાયના માપદંડ કયા સમાજશાસ્ત્રીએ દર્શાવ્યા છે ?

(અ) જહૉન્સન (બ) કિંગ્સલે ડેવિસ (ક) ઑગસ્ટ કોંત (ડ) ઈમાઈલ દુર્ખિમ

(5) વર્તમાન સમયમાં શિક્ષકોનો દરજ્જો કયા પ્રકારનો દરજ્જો છે ?

(અ) અર્પિત (બ) પ્રાપ્ત

(ક) અસ્પષ્ટ (ડ) ત્રણમાંથી એક પણ નહિ.

(6) સામાજિક ભૂમિકા દરજ્જાનું કેવું પાસુ છે ?

(અ) પરિવર્તનશીલ (બ) સ્થિત્યાત્મક (ક) વર્તનલક્ષી (ડ) ગત્યાત્મક

(7) સમાજની કેવી વ્યવસ્થાને કારણે સભ્યો વચ્ચે સંપર્ક અને સમાજમાં સ્થિરતા જોવા મળે છે ?

(અ) ધોરણાત્મક (બ) દરજ્જો (ક) વર્ગ (ડ) ભૂમિકા

(8) જ્ઞાતિ હિંદુ સમાજની કઈ વ્યવસ્થામાંથી ઊતરી આવી છે ?

(અ) કોટિક્રમ (બ) વર્ગ

(ક) વર્ણ (ડ) ત્રણમાંથી એક પણ નહિ.

**પ્રવૃત્તિ**

- તમારી આસપાસના સમાજજીવનની વિવિધતા અંગે નોંધ કરો.
- તમારા વિસ્તારની કોઈ સ્વૈચ્છિક સંસ્થા કે મંડળની મુલાકાત લઈ તેનો અહેવાલ તૈયાર કરો.
- સામાજિક નિયંત્રણની ઔપચારિક અને અનૌપચારિક સંસ્થાઓની યાદી તૈયાર કરો.
- કુટુંબસંસ્થા અને શૈક્ષણિક સંસ્થામાં જોવા મળતા જુદા જુદા દરજ્જાઓનો ચાર્ટ તૈયાર કરો.

•